

# પરદેશમાં પ્રભુનો પ્રસંગ : સાહેબ અને સંતોને સંગ

**સંતભગવંત** સાહેબદાદાના આશીર્વાદ લઈ ૩૧ માર્ચ ૨૦૧૮ના રોજ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને સંતો ઑસ્ટ્રેલિયા પધાર્યા, સૌ ભક્તોને સચોટ જ્ઞાન અને નિર્વ્યાજ પ્રેમમાં ઝબોળી દીધા. પરદેશમાં વસતા સૌ ભક્તોનાં હૈયાં તૃપ્ત કર્યાં. આ આનંદની અનુભૂતિમાં અલૌકિક ઉમેરો થયો જ્યારે સંતભગવંત સાહેબજી ૨૭ એપ્રિલના રોજ ઑસ્ટ્રેલિયા પધાર્યા. સૌનાં અંતરમન ઝૂમી ઊઠ્યાં. વર્ષોથી જોવાતી વાટ પૂરી થઈ.

સાહેબજી પધાર્યા તે પૂર્વે પૂ. શાંતિદાદા અને સંતોએ પર્થમાં અથાક વિચરણ કર્યું. ૫ એપ્રિલે સંજયભાઈ-શોભનાભાભીના ઘરે પ્રાતઃપૂજામાં પૂ. શાંતિદાદાએ લાભ આપ્યો. ૬ એપ્રિલે પ્રિયંકા-અંકુર, કેયૂર-પૂનમ, મનીન-ભૂમિના ઘરે પધરામણી કરી. ૭ એપ્રિલે સવારે પર્થ-ઑસ્ટ્રેલિયાના સૌ ભક્તો માટે રોહન-જલ્પાના ઘરે મહાપૂજા કરી. સાંજે બૅકયાર્ડમાં જાહેરસભા રાખી હતી, જેમાં ડોલરભાઈએ સ્વાગત પ્રવચન કર્યું. પૂ. ઉત્પલભાઈ, માનસી ઝવેરી, પૂ. સતીશભાઈ, અમિતભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. પૂ. શાંતિદાદાએ પધારેલ સૌને સુંદર સૂઝ આપી અને સુખી થવાના રૂડા આશીર્વાદ આપ્યા. અંતમાં પૂ. અમૃતબાપા (યુ.કે.)એ સૌનો આભાર માન્યો.

૮ એપ્રિલે પ્રાતઃ પૂજાનો લાભ લઈ મંડળના સૌ મુક્તો પૂ. શાંતિદાદાની સાથે વ્હાઈટમૅન પાર્કમાં પધાર્યા, જ્યાં બાળકોએ રમતગમત સાથે ટ્રામમાં બેસી આનંદ કર્યો. સાંજે અમિત-વિદુષીના ઘરે પધરામણી કરી સત્સંગ-ગોષ્ઠિ કર્યાં. સાંજે ચિરાગ-નિરાલીના ઘરે મંડળની સુંદર સભા થઈ, જેમાં પૂ. સતીશભાઈ અને સદ્‌ગુરુ પ.પૂ. શાંતિદાદાએ લાભ આપ્યો. ૯ એપ્રિલે રોહન-જલ્પાના ઘરે યુવાનોની ખાસ સભામાં પૂ. ઉત્પલભાઈ તથા સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ માર્ગદર્શન આપ્યાં અને વડીલોની સભામાં પૂ. સતીશભાઈએ ગોષ્ઠિ કરી લાભ આપ્યો. ૧૦ એપ્રિલે સમીર-માનસીના ઘરે પધરામણી કરી. પછી તેમના નવા ઘરે પૂ. શાંતિદાદાએ પગલાં પાડ્યાં. સાંજે અનુપમ મિશન, ઑસ્ટ્રેલિયાની કમિટીની વિડિયો કૉન્ફરન્સ મીટિંગમાં પૂ. શાંતિદાદાએ લાભ આપ્યો. સાંજે સભામાં પૂ. ઉત્પલભાઈએ સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોના માહાત્મ્યનાં ગાન કર્યાં.

૧૧ એપ્રિલે સવારે દર્શિતની નવા હૉલસૅલ ઇન્ડિયન ગ્રૉસરી સ્ટૉર પર પધરામણી કરી. સાંજે બિરેન-અંકિતા, અંકિત-માનસી, સંકેત-માનસી, અંકુર-હેનલના ઘરે પધરામણી કરી. સાંજે દર્શિત-શ્રદ્ધાના ઘરે સભામાં ભજનો ગાયાં ને તે પછી સંતભગવંત પ.પૂ. સાહેબદાદાના ઑસ્ટ્રેલિયા પ્રવાસના આગામી કાર્યક્રમો બાબતે પૂ. ઉત્પલભાઈ ને પૂ. શાંતિદાદાએ વાત કરી. ૧૨ એપ્રિલે સવારે સૌએ પૂ. શાંતિદાદાની પ્રાતઃપૂજાનો લાભ લીધો. સાંજે નયનાબહેનના ઘરે પધરામણી કરી. સાંજે રોહન-જલ્પાના ઘરે સંતોની વિદાયસભામાં પર્થ મંડળના તમામ ભક્તોએ અનુભવદર્શન કરાવ્યું ને સુંદર પ્રાર્થનાઓ કરી. પૂ. ઉત્પલભાઈ અને પૂ. સતીશભાઈએ અદ્‌ભુત વ્યવસ્થા અને સેવા બદલ પર્થ મંડળના મુક્તોનો આભાર માન્યો. પૂ. શાંતિદાદાએ અંતમાં સૌની ભક્તિ, સમજણ, એકતાને બિરદાવી સુંદર આશીર્વાદ આપ્યા. ૧૩ એપ્રિલે સવારે પૂ. શાંતિદાદાએ પ્રાતઃ પૂજામાં લાભ આપ્યો અને મંડળના સૌ મુક્તોની ભાવભરી વિદાય લઈ ફ્લાઈટમાં મૅલબૉર્ન જવા રવાના થયા.

૧૩ એપ્રિલે સાંજે મૅલબૉર્ન ઍરપૉર્ટ પર મંડળના સૌ મુક્તોએ ખૂબ ઉમંગે સ્વાગત કર્યાં. ઍરપૉર્ટથી સીધાં વિપુલ-હિનાના ઘરે પધાર્યા, જ્યાં સ્વાગતસભામાં પૂ. શાંતિદાદાએ મૅલબૉર્ન મંડળના મુક્તોનાં દર્શને ધન્ય થયા તેવા પ્રસન્નતાના ભાવે આશીર્વાદ આપ્યા. ૧૪ એપ્રિલે સવારે ભક્તોએ પૂ. શાંતિદાદાની પ્રાતઃપૂજામાં પધારી લાભ લીધો. સાંજે જયેશભાઈ-લીલાબહેનના ઘરે સુંદર સભા થઈ. પૂ. સતીશભાઈ તથા પૂ. શાંતિદાદાએ સુંદર વાતો કરી લાભ આપ્યો. ૧૫ એપ્રિલે સૌએ પૂ. શાંતિદાદાની પ્રાતઃ પૂજાનો લાભ લીધો. તે પછી કેરમડાઉનમાં સ્મિતામાસી, જાસ્મીનભાઈ-અક્ષિતાબહેનના ઘરે, બપોરે પૅકનહૅમમાં તન્મય-પલકના ઘરે પધરામણી કરી, નવા હાઉસનું સૅમ્પલ હાઉસ જોવા ગયા ને તે પછી પલકની શૉપમાં પધરામણી કરી રૂડા આશીર્વાદ દીધા. રાત્રે વાન્ટ્રિનામાં રહેતા નિરવભાઈ-કોમલબહેનના ઘરે પધરામણી કરી. ૧૬ એપ્રિલે પૉઈન્ટ કોડકમાં સંદીપભાઈ-દીપાલીબહેનના ઘરે પધરામણી કરી. ૧૭ એપ્રિલે પૂ. શાંતિદાદાની પ્રાતઃપૂજામાં સૌએ ગોષ્ઠિનો લાભ લીધો. સાંજે ટાર્નેઈટમાં નરેન્દ્રભાઈ-પાયલબહેનના ઘરે મહાપૂજામાં કુટુંબીજનોને રૂડા આશીર્વાદ આપ્યા તેમજ સભામાં મંડળના સૌ મુક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે મૅલબૉર્નમાં વિપુલભાઈની ઑફિસમાં પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા.

૧૮ એપ્રિલે સવારે પૂ. શાંતિદાદાની પ્રાતઃપૂજામાં સૌએ ગોષ્ઠિનો લાભ લીધો. બપોર પછી ઈનોલર્ટમાં મૂળ ગોરિયાદનાં ચિરાગભાઈ-હેતલબહેનના ઘરે પધરામણી કરી. મિલપાર્કમાં BAPS સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી લાભ લીધો. સાંજે ટાર્નેઈટમાં જયેશભાઈ-લીલાબહેનના ઘરે મહાપૂજામાં કુટુંબીજનોને રૂડા આશીર્વાદ આપ્યા. ૧૯ એપ્રિલે પ્રાતઃપૂજામાં પૂ.

શાંતિદાદાએ ગોષ્ઠિનો લાભ આપ્યો. તે પછી સંદીપ-રશ્મિના નવા બંધાતા મકાનમાં પગલાં પાડ્યાં ને પુષ્પો પધરાવી આશીર્વાદ આપ્યા. બાજુમાં આવેલ નરેન્દ્રભાઈ-પાયલબહેનના મકાનના પ્લૉટમાં પુષ્પો પધરાવી આશીર્વાદ આપ્યા. તે પછી સંદીપ-રશ્મિના ઘરે પધરામણી કરી. સાંજે વૉરિબીમાં મહર્ષિ-યેશાના ઘરે પધરામણી કરી, વ્યિન્ધામવૅલમાં રાત્રે કૃણાલ-વિરલના ઘરે સભામાં પૂ. સતીશભાઈએ જીવનમાં સત્સંગની અનિવાર્યતા તથા સંતમાહાત્મ્યની વાતો કરી. પૂ. શાંતિદાદાએ સૌનાં જીવન ભક્તિ, શક્તિ ને સત્સંગથી સમૃદ્ધ બને તેવા આશીર્વાદ આપ્યા.

૨૦ એપ્રિલે ગ્રેટ ઑસન રોડ પર ભક્તો સાથે પિકનિક કરી આનંદ કરાવ્યો. સાંજે હૉપર્સ ક્રૉસિંગમાં અતુલભાઈ-જિમીબહેનના ઘરે મહાપૂજામાં આશીર્વાદ આપ્યા ને સભા પણ ખૂબ સરસ થઈ. ૨૧ એપ્રિલે સત્યમભાઈ-જિજ્ઞાબહેન, કલ્પેશભાઈ-પ્રિયંકાબહેનના ઘરે પધરામણી, આશિષભાઈ-આનલબહેનના ઘરે મહાપૂજા અને સાંજે ક્રિગરબર્ન સંદીપભાઈ-કેજલબહેનના ઘરે પધરામણી કરી. ૨૨ એપ્રિલે વિલિયમવૅલ ભાવિકા-મૃણાલના ઘરે, જિલૉંગમાં પ્રીતિબહેન જિતુભાઈ રાઠોડના ઘરે પધરામણી કરી. સાંજે ટાર્નેઇટ પ્રાઈમરી સ્કૂલના હૉલમાં યોજેલ જનરલ સભામાં સ્વાગત, પૂજન બાદ તન્મયભાઈએ પ્રાસંગિક વાતો કરી. પૂ. સતીશભાઈ અને પૂ. ઉત્પલભાઈએ યુવાપેઢીમાં ભારતીય સંસ્કાર અને અસ્મિતા જળવાય તે માટેની સરસ વાતો કરી. પૂ. શાંતિદાદાએ ભારતીય કુટુંબોની અને સમાજની સરાહના કરી સૌને સુખી થવાના રૂડા આશીર્વાદ દીધા. બાલ-બાલિકા અને કિશોર-કિશોરીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી સૌનાં દિલ જીતી લીધાં.

૨૩ એપ્રિલે વિરલ-કૃણાલના દીકરા કિરતના સ્વાસ્થ્યલાભ માટે હૉસ્પિટલમાં પધારી પ્રાર્થના કરી. સાંજે પૉઈન્ટ કૂકમાં સોખડાનાં આલાપ-સોનલના ઘરે પધરામણી કરી. ૨૪ એપ્રિલે હૉપર્સ ક્રૉસિંગમાં વિક્રમભાઈ-રિન્કુબહેન, ટાર્નેઇટમાં રિતેશભાઈ-કલ્યાણીબહેનના ઘરે મંડળના સૌ મુક્તોએ ભેગા મળી મોગરીમાં યોજાયેલ સક્રિય કાર્યકર શિબિરનું મનોજભાઈ સોનીનું પ્રવચન સાંભળ્યું ને પૂ. શાંતિદાદા ને પૂ. ઉત્પલભાઈએ મૅલબૉર્નનાં સૌ સત્સંગી બાળકો, યુવાનોની સભા કરી.

૨૫ એપ્રિલે પૂ. શાંતિદાદાએ સૌને અનુપમી સત્સંગી કેવા હોય તે બાબતે સૂઝ, સમજ અને માર્ગદર્શન આપી સૌને રૂડા આશીર્વાદ આપ્યા. પછી વ્યિનધામવૅલમાં તન્મય-પલકના નવા બંધાતા મકાન પર પધારી ધૂન કરી. સાંજે ટાર્નેઇટમાં જયેશભાઈ-હિનાબહેનના મકાનના પ્લૉટ પર પુષ્પવૃષ્ટિ કરી. ફૂટસ્ક્રેમાં નિમિષભાઈ-પ્રજ્ઞાબહેન, દર્પણભાઈ-અમીબહેન, જયેશભાઈ-હિનાબહેન, ચિંતનભાઈ-નિકિતાબહેન, મિલનભાઈ-દૃષ્ટિબહેન અને ચિંતનભાઈ-રિમલબહેનના ઘરે પધરામણી કરી ધૂન, ભજન, આરતી, પ્રાર્થના કર્યાં ને ચિંતનભાઈના ઘરે સભામાં સૌએ મોગરી સક્રિય કાર્યકર શિબિરનું પૂ. અશ્વિનદાદાનું પ્રવચન સાંભળ્યું અને પૂ. શાંતિદાદાના આશીર્વાદનો લાભ લીધો. ૨૬ એપ્રિલે જયેશભાઈ-લીલાબહેનના ઘરે વિદાયસભામાં લાભ આપ્યો.

ગુરુદેવ યોગીજીમહારાજનું ઉપાસના પ્રવર્તનનું દિવ્ય કાર્ય વહાવવા સંતભગવંત સાહેબદાદા ૨૭ એપ્રિલે સિડની-ઑસ્ટ્રેલિયા પધાર્યા. આ ધર્મયાત્રામાં સાથે સેવકસંત પૂ. અર્પિતભાઈ પણ જોડાયા. સૌ ભક્તો અત્યંત આનંદવિભોર થઈ ગયા. ઍરપૉર્ટ પર સૌ ભક્તોએ ખૂબ ભાવથી સાહેબદાદાનાં સ્વાગત કર્યાં. આશિષભાઈ-આરતીબહેનના ઘરે સ્વાગતસભામાં સાહેબદાદાએ મંડળના સૌ ભક્તોને સુંદર આશીર્વાદ આપ્યા. ૨૮ એપ્રિલે આશિષભાઈ-આરતીબહેન અને સૌ પરિવારજનોએ સાહેબદાદાની મંગલપૂજાનો લાભ લીધો. બપોરે મનીષ-શાયોકાના ઘરે પધરામણી કરી તેમજ સાંજે આશિષભાઈના ઘરે મંડળના સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

૨૯ એપ્રિલે સાંજે સંતભગવંત સાહેબદાદા, પૂ. શાંતિદાદા અને સંતોના સાંનિધ્યમાં કૉમ્યુનિટી હૉલમાં જાહેરસભા યોજાઈ. દીપેનભાઈ અને મંડળના સૌ મુક્તોના નિમંત્રણથી ૨૦૦ જેટલા ભક્તો અને મહેમાનોએ સભામાં પધારી સત્સંગલાભ લીધો. આવાહ્‌ન શ્લોકથી સભાનો પ્રારંભ થયો. શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબદાદા, પૂ. શાંતિદાદા, સંતો તથા મંચસ્થ મહેમાનોનાં પૂજન અને પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરાયાં. દીપેનભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પધારેલ સૌ મહાનુભાવોનો પરિચય આપ્યા બાદ સંતભગવંત સાહેબદાદા અને સંતોએ એમ.પી.શ્રી ડૉ. જ્યૉફ લી, કાઉન્સલ કૉમર્સ ઍન્ડ ટ્રેડ શ્રી ચંદ્રુ અપાર તેમજ હિન્દુ કાઉન્સલ ઑફ ઑસ્ટ્રેલિયાના પૂર્વ ચૅરમૅન શ્રી નિહાલનાં વિશેષ અભિવાદન કરી આશીર્વાદ આપ્યા. પ્રતિભાવમાં ડૉ. જ્યૉફ લી અને શ્રી નિહાલે આભાર માની ધન્યવાદ વ્યક્ત કર્યો. ગુજરાતી સમાજ દ્વારા પણ સિડનીના પ્રતિષ્ઠિત મહાનુભાવોનાં સન્માન કરવામાં આવ્યાં.

આ પ્રસંગે સિડની મંડળનાં બાળકો અને યુવા ગૃહસ્થોએ ભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી સૌનાં દિલ જીતી લીધાં. સંતભગવંત સાહેબદાદા અને પૂ. શાંતિદાદાએ સભામાં પધારેલ સૌને સુંદર સમજ સાથે ભવિષ્યની પેઢીને ભક્તિનો વારસો આપી સર્વાંગ સુખી બની રહેવાના આશીર્વાદ આપ્યા. આશિષભાઈએ સૌનો આભાર માન્યો.

સભા બાદ સાહેબદાદા સૌને વ્યક્તિગત મળ્યા અને દર્શન-આશિષનું સુખ આપી આનંદ કરાવ્યો. સમગ્ર સિડની મંડળે અદ્‌ભુત ભક્તિ અદા કરી સાહેબદાદાનો રાજીપો પ્રાપ્ત કર્યો. ◆

*(પૂ. અશોકભાઈ બાબુના અહેવાલ પરથી સંકલિત)*